
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।




પુસ્તક ૬૯ મું
ઇ. સ. ૧૯૫૨

અંક ૨ જો
૨૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૭૯ : માર્ગશીર્ષ : વિ. સં. ૨૦૦૯

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧. ક્ષણભંગુર સંસાર ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૫ |
| ૨. હિતશિક્ષા–છત્રીશી : ૨ ... ... | ( પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય ) | ૨૬ |
| ૩. સાધક ... ... ... ... ... | ...( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૨૮ |
| ૪. ચર્મચક્ષુ, જ્ઞાનચક્ષુ અને દિવ્યચક્ષુ ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૯ |
| ૫. બે શબ્દોથી જીવનપલટો ... ... ... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૧ |
| ૬. ચારિત્ર્યનું બંધારણ... ... ... | ...( શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ ) | ૩૪ |
| ૭. સાચું શૌચ... ... ... ... | ( શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૩૬ |
| ૮. વ્યવહારકૌશલ્ય ( ૩૦૯ ) ... ... ... ... ... | ( સ્વ. મૌક્તિક ) | ૩૯ |
| ૯. સભા સમાચાર ... ... ... ... ... ... ... ... | | ૪૦ |


## નવા સભાસદ

| | | |
|---|---|---|
| ૧. શ્રી મણિલાલ મોહનલાલ શાહ | વાર્ષિક મેમ્બર. | ભાવનગર. |
| ૨. શ્રી ખીમચંદ ચાંપશીભાઈ શાહ | " | " |

શાંતમૂર્તિ મુનિરાજશ્રી રૂપચંદજી મહારાજ તરફથી નીચેના પુસ્તકો સભાની લાઇબ્રેરીને ભેટ તરીકે મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

( ૧ ) રત્નપદ્મ ગ્રંથમાળા ( પ્રતાકાર ).
( ૨ ) કર્તવ્યકૌમુદી અને ( ૩ થી ૭ ) આધ્યાત્મિક પ્રબંધાવલિ ભાગ ૧ થી ૫.


## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઇની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

# શ્રી આનંદઘનજી–ચોવીશી

## [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઈંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનધર્મ પ્રકાશ.

પુસ્તક ૬૯ મું અંક ૨ જો | માગશર | વીર સં. ૨૪૭૯ વિ. સં. ૨૦૦૯

## 'ક્ષણભંગુર સંસાર'

દીસે સ્થિર અજ્ઞાનવશે રે, પલ પલ ચંચલ જેહ,
છાયા ક્ષણ ક્ષણ પાલટે જી, સાંજ સવારે તેહ રે;
પ્રાણી ક્ષણભંગુર સંસાર. આંકણી૦ ૧
અથિર સદન ધન સામગ્રી રે, દારા સુત પરિવાર;
મોહવશે નહીં સૂઝતું રે, શુદ્ધ સ્વરૂપ નિરધાર રે. પ્રાણી૦ ૨
કમલિનિદલગત જલ સમું રે, દાખે મનહર રૂપ;
પવનવેગે સહુ નષ્ટ થાવે રે, શૂન્ય જુઓ એ સ્વરૂપ રે. પ્રાણી૦ ૩
સંધ્યા રાગ તરંગનું રે, અદ્દભુત દીસે રૂપ;
દીપે નેત્ર ને મન મોહે રે, પલમાંહે થાએ અરૂપ રે. પ્રાણી૦ ૪
વાજાં વાગે જનમતા રે, માતપિતા મલકાય;
જાણે ન એ આયુ ઘટે રે, નવ ભવ તેહનો થાય રે. પ્રાણી૦ ૫
કેઈક થયા ભવ એહવા રે, હરખ્યા માય ને બાપ;
કેઈક તો રડતા રહ્યા રે, વિવિધ જનમ લહે આપ રે. પ્રાણી૦ ૬
આધિ ને વ્યાધિ ઉપાધિથી રે, ભરિયો એહ સંસાર;
ક્ષણ ક્ષણ વિઘટે મૂળથી રે, પલટાએ પરિવાર રે. પ્રાણી૦ ૭
મહેલ માડીએ મ્હાલતા રે, ગર્વ ધરી નિજ અંગ;
દીઠા રખડે માર્ગમાં રે, ઘડી ઘડી થાએ મન ભંગ રે. પ્રાણી૦ ૮
છેલછબીલા અક્કડથી રે, ફૂલાઇ ફરે લોક;
રોગી થઈ તે રોવતા રે, દીઠા જગ સહુ ફોક રે. પ્રાણી૦ ૯
માને નિજને ડાહ્યા જે રે, મૂર્ખશિરોમણિ હોય;
પાપ ઉદય થાતા સહુ રે, વૈભવ ગત થઇ જાય રે. પ્રાણી૦ ૧૦
પામી શ્રી જિનધર્મને રે, નહીં કીધા વ્રત જાપ;
દેવગુરુ નહીં ઓળખ્યા રે, દાન ન દીધા આપ રે. પ્રાણી૦ ૧૧
દાન શિયળ તપ ભાવના રે, ધર્મ ન જાણ્યો સાર;
હાર્યો નરભવ વ્યર્થમાં રે, એ ભવફેરો ધાર રે. પ્રાણી૦ ૧૨
આવશ્યક પૂજા વિધિ રે, નિત્ય સમરો જિનધર્મ;
બાલેન્દુ વિનતિ સુણી રે, જાણો ધર્મનો મર્મ રે. પ્રાણી૦ ૧૩

શ્રી બાલચંદ્ર હીરાચંદ "સાહિત્યચંદ્ર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિતશિક્ષા-છત્રીશી

પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

લેખાંક : ૨

**જીવનમાં** સારા સંસ્કારો અને ખરાબ સંસ્કારો સારા નરસા માણુસોનાં સંસર્ગથી આવે છે. તેમાં પણ સારા માણુસોના સંસર્ગમાં રહેવા છતાં સારા સંસ્કારો આવતા જેટલી વાર લાગે છે તે કરતાં ખરાબ માણુસોના સંસર્ગથી ખરાબ સંસ્કારો આવતાં ઘણી જ ઓછી વાર લાગે છે, એટલે ખરાબ સંસર્ગ ન કરવો એ અતિ જરૂરી છે. અહિં છત્રીશીકાર એવા સાતનો સંસર્ગ ન કરવા કહે છે.

**મૂરખ, બાળક, જાચક, વ્યસની,**
**કારુ ને વળી નારુજી;**
**જો સંસારે સદા સુખ વંછો તો,**
**ચોરની સંગત વારુ (૨) સુણુજો સજ્જન રે.**

આ કડીમાં એક રીતે એક શિખામણ છે, અને બીજી રીતે સાત શિખામણો છે.

મૂર્ખ, બાળ, યાચક, વ્યસની, કારુ( શિલ્પી), નારુ (વસવાયા) અને ચોર એ સાતની સંગત ન કરવી.

**(૧) મૂર્ખની સંગત ન કરવી. (૨) બાળકની સંગત ન કરવી. એ પ્રમાણે દરેકને જુદા પાડીએ તો સાત શિખામણ થાય છે.**

( ૧ )

મૂર્ખની સંગત કરવાથી બુદ્ધિ ઘટે છે. બુદ્ધિના ઘટવા વધવા માટે કહ્યું છે કે—

**मतिस्तु हीयते तात !,**
**हीनैः सह समागमात् ॥**
**समैश्च समतामेति,**
**विशिष्टैश्च विशिष्टताम् ॥ १ ॥**

હે તાત ! હીન માણુસોના સમાગમથી મતિ-બુદ્ધિ હલકી થાય છે, સરખાના સંગથી સરખી રહે છે અને વિશિષ્ટ માણુસોના સંગથી વિશિષ્ટ બને છે.

મૂર્ખ માણુસો ગમે તેટલું કરીએ તો પણ જોઇએ તેવા સુધરતા નથી, એમની એવી પ્રવૃત્તિએ અટકાવી અટકી શકતી નથી, એટલે જ છેવટે નીતિકારોને કહેવું પડયું કે—

**मूर्खं छन्दानुरोधेन—**

મૂર્ખને રાજી રાખવા માટે તે જેમ કરે તેમ કરવા દેવું. એટલે તેના સંસર્ગથી યથાછંદ પ્રવૃત્તિઓના સંસ્કાર પડવાનો સંભવ છે; માટે મૂર્ખ માણુસોનો સંગ ન કરવો.

( ૨ )

બાળકની સાથે સંગ કરવાથી ઉપરના કેટલાક દોષો તો આવે છે. વધારામાં બાળચેષ્ટાઓ પણ આવે છે. કેટલાએક શિક્ષકોમાં પંતુજીપણું કે વેવલાપણું જે જોવામાં આવે છે. તે બાળકો સાથેના સતત સંસર્ગનું પરિણામ છે. બાળકો સાથેના સંસર્ગથી કેટલીક અનિચ્છનીય ચેષ્ટાઓ ઘર કરી જાય છે કે જેથી છતી શક્તિએ માણુસ આગળ વધી શકતો નથી. પ્રગતિ અને વિકાસ ઇચ્છનારે ખાસ કરીને બાળકોના સંસર્ગથી દૂર રહેવું.

( ૩ )

યાચકોની આજીવિકા ભિક્ષા છે. ભિક્ષા માંગવી એ ગૃહસ્થાશ્રમનું મોટામાં મોટું દૂષણ છે. ગૃહસ્થ ભિક્ષા આપનાર હોય; નહિં કે લેનાર. ગૃહસ્થનું સત્ત્વ ચૂસનાર પ્રબલમાં પ્રબલ કોઇ હોય તો તે ભિક્ષા છે. યાચકના સંસર્ગથી ગૃહસ્થ એ ભાન ભૂલી જાય છે ને તેનામાં જતે દહાડે યાચકવૃત્તિ જાગે છે, માટે યાચકનો સંગ ન કરવો.

( ૪ )

વ્યસની સાથેના સંસર્ગથી વ્યસનો આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વમાં વ્યસનોનું સામ્રાજ્ય જે ફેલાયું છે તેમાં મુખ્ય કારણુ કોઈ હોય તો તે વ્યસનીનો સંગ છે. વ્યસનાધીન સર્વ દુઃખ છે. દુઃખી થવા ન ઇચ્છનારે સત્વર વ્યસનીનો સંગ છોડી દેવો જરૂરી છે.

( ૫ )

કારુ-નો અર્થ શિલ્પી થાય છે. શિલ્પી એટલે કારીગર, તેના સંસર્ગથી વ્યવહારુ બુદ્ધિ ઘટે છે. કારીગરો મોટે ભાગે અવ્યવહારુ હોય છે.

અમુક આદતો અને આળસ એ કારીગરના સહચારી છે એટલે તેના સંસર્ગથી તે પણ આવે છે.

કારીગરમાં કળા હોય છે, પણ તે તે કળાનો પૂજક નથી હોતો પણ વેચનારો હોય છે. કળાનું વેચાણ એ આદરણીય તો નથી જ. તેના સંસર્ગથી કળાનું વેચાણ અનાદરણીય છે એવી ભાવનાને ધક્કો પહોંચે છે, માટે શિલ્પીનો સંસર્ગ કરવો નહિં

( ૬ )

નારુ-વસવાયા. એ હલકી જાતના માણસો હોય છે, એના સંસર્ગથી હલકા સંસ્કારો આવે છે, કારુ-પાંચ અને નારુ-નવ એમ સર્વ મળી ૧૪ છે.

( ૭ )

ચોરનો સંગ કરવાથી લાભ શું છે ને ગેરલાભ શું છે એ સ્પષ્ટ સમજાય એવું છે.

આ સાતેના સંગથી પારમાર્થિક નુકશાન તો છે જ પણ સંસારમાં સુખી થવું હોય તોપણ આ સાતનો સંસર્ગ વર્જવો.

સંસર્ગ અને પ્રયોજન હોય ત્યારે કામ પાડવું એ ભિન્ન છે. જેમાં અરસપરસ એકતા જામતી જાય છે તેને સંસર્ગ કહેવામાં આવે છે. એવો સંસર્ગ ન કરવાનું અહિં જણાવ્યું છે.

આ કડીમાં એક શિખામણ છે એમ ગણીએ તો સર્વ મળી-ચાર શિખામણો થાય છે. અને સાત છે એમ ગણીએ તો દશ શિખામણો થાય છે.

ઉપરની કડીમાં સંગ કોનો ન કરવો એ જણાવ્યું. હવે વેપાર આદિ કારણવશ કોઈ કોઈના સમાગમમાં આવવું પડે છે-તેમાં પણ એવા કારણો હોય છતાં અમુકના પરિચયમાં ન આવવું તે વાતની શિખામણ ત્રીજી કડીમાં છે.

**વેશ્યા સાથે વણજ ન કરીએ,**
**નીચશું નેહ ન ધરીએજી;**
**ખાંપણ આવે ઘર ધન જાવે,**
**જીવિતને પરહરીએ (૩) સુણજો સજ્જન રે.**

વેશ્યા સાથે વેપાર ન કરવો, નીચ માણસની સાથે સ્નેહ ન કરવો, એથી ખાંપણ આવે, ઘરનું ધન જાય અને કોઈક વખત જીવન પણ જોખમમાં મૂકાય.

**૧ વેશ્યા સાથે વેપાર ન કરવો,**
**૨ નીચ માણસ સાથે સ્નેહ ન કરવો.**

એ બે શિખામણો આ કડીમાં છે.

વેપારને કારણે પણ વેશ્યા સાથેનો સંસર્ગ વધતાં પરિણામ સારું આવતું નથી. લસણનો વેપાર કરનાર જેમ તેની દુર્ગંધથી બચી શકતો નથી તેમ વારાંગના સાથે વેપાર કરનાર પણ કેટલાક દોષોથી બચી શકતો નથી.

સ્નેહ કરવો તો સારા માણસ સાથે કરવો પણ નીચની સાથે સ્નેહ ન કરવો. એ સ્નેહ હંમેશા એકપાક્ષિક બની રહે છે. જો તમે સજ્જન હો તો એવા સ્નેહનાં કપરાં પરિણામ તમારે ભોગવવાના રહે છે, નહિં તો તમારે નીચની સામે નીચ બનવું અનિવાર્ય છે. આ બન્ને શિખામણોને નહિં આદરનારને થતાં ગેરલાભ શિક્ષાકારે આ પ્રમાણે જણાવ્યા છે.

૧ ખાંપણ આવે, અર્થાત્ એબ લાગે. વેશ્યા સાથેના વેપારીને અને નીચ સાથે સ્નેહ રાખનારને એબ લાગતા વાર લાગતી નથી. ૨. પોતાનું ધન જાય. સામા બન્ને ધન રાખીને અમુક પ્રકારની વાત કરે એટલે આપેલું કે પોતાનું વ્યાજબી નિકળતું ધન પાછું આવવાનો કોઈ માર્ગ નથી. અને જો એ માટે કાંઈ કડક પ્રયત્ન કરવામાં આવે તો. ૩. જીવન જોખમમાં મુકાય; માટે એ બન્ને શિક્ષાઓનો અમલ વ્યવહારમાં વસતા માણસો માટે ખાસ જરૂરી છે.

( ચાલુ ) (શિક્ષા. ૬ વા. ૧૨.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધક

મુનિરાજ શ્રી રુચકવિજયજી

**માણસ** કોઇ પણ વસ્તુ મેળવવા ઇચ્છા કરે તો ઇચ્છા કરવા માત્રથી જ એને વસ્તુની પ્રાપ્તિ થતી નથી પણ ઇચ્છા કરવાની સાથે એને મેળવવાના પ્રકારને પણ મજબૂત રીતે એણે અમલમાં મૂકવો પડે છે–પ્રકાર અમલમાં રહે ત્યાં સુધી એણે સજાગપણું, નિર્ભયતા અને સ્થિરતા, આ ત્રણ વસ્તુને ય બરાબર પકડી રાખવાની હોય છે. આટલું જો એ બનાવી જાણે તો પોતાનું સાધક નામ ધન્ય બનાવી જવા સાથે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને એ તદ્દન સુલભ બનાવી દે છે. પણ પ્રકારને અમલમાં મૂકવા છતાં જો સજાગતા, નિર્ભયતા અને સ્થિરતાને ગૂમાવવાના સંયોગોને એ આધીન બને તો એ પોતાને ઇચ્છિત વસ્તુ મેળવી જવામાં તદ્દન નિષ્ફળ જાય છે—

" मयि भक्तो जनः सर्व, इति हृष्येन्न साधकः ।
मय्यभक्तो जनः सर्व, इति कुप्येन्न वा पुनः ॥"

અનુભવી આત્માઓને, આ જ કારણે સાધક આત્માને ભયસ્થાનોની ચેતવણી આપવી પડે છે. અનુકૂળતા દેખી ખુશ થવું કે પ્રતિકૂળતા ભાળી પ્રકોપ કરવો એમાં, સજાગતા, નિર્ભયતા અને સ્થિરતા નાશ પામી જાય છે. ' સર્વ લોકો મારા ઉપર ભક્તિવાળા છે ' એ મુજબ સાધક આત્માએ ખુશ ન થવું જોઇએ તેમ ' સર્વ લોકો મારા ઉપર ભક્તિ વિનાના છે ' એ પ્રમાણે પ્રકોપ પણ ન જ કરવો જોઇએ. આ મુજબ એક સાધક આત્મા પોતાના સાધનાના અનુભવ પછી હિતશિખામણરૂપે કહે છે. આ હિતશિખામણ સાવ સાદી અને સીધી છે, આમ છતાં પ્રાથમિક પણ સાધકને એવું મહત્ત્વ આંકતા જો આવડતું હોય તો એ એને અસંત ઉપકારક જ બની જાય તેમ છે.

સાધનાના રાજમાર્ગે આગે કદમ કર્યા પછી કોઇ ભક્ત હોય કે કોઈ અભક્ત હોય, એના હિસાબની સાધકને જરૂર જ નથી. સાધનાની સિદ્ધિ ભક્ત કે અભક્તને આધીન નથી. એ તો આપબળને જ આધીન છે–**એકલો જાને ભૈયા**. એ લોકવચન પણ આ બળને ટેકો આપે છે.

સાધકની સજાગતા ભારંડપક્ષીની સજાગતા જેવી કે તેથી પણ વધુ હોવી જોઇએ અને નિર્ભયતા તો વનકેસરીની નિર્ભયતા જેવી. સો સો હાથીઓ, મેઘના ગર્જારવને પણ ઢાંકી દેતા નાદને દિગ્ગામી બનાવતા આવે તો ય એ ગભરાય નહિ. વિજયની હેવાએ ચઢેલો રણસુભટ જેમ સંગ્રામમાં અનેકવિધ શસ્ત્રથી ઘેરાવા છતાં નિર્ભયતાને રેઢી મૂકતો નથી તેમ સાધક આત્મા પણ નિર્ભયતાને કબજે રાખે અને સ્થિરતા તો મેરુપર્વતની સ્થિરતા જેવી જોઇએ. કાળના ગમે તેવા ઝંઝાવાતી વાયરા વાય કે ઇન્દ્રના વજ્ર કયાં ન પડે ? ભેદાય કે હાલે એ બીજા. સાધક આત્માની આ સ્થિતિ હોય. આવા પોલાદી સાધકને, એના સંકલ્પના ક્ષેત્રમાં સમાવિષ્ટ થતી કઇ વસ્તુ નથી કે જે એને વરમાળ ન પહેરાવે ?

પણ સાધક ! તારા આન્તર ચિત્તને તું પ્રથમથી જ શુદ્ધતમ રાખજે. એને સાત્ત્વિક જ રાખજે, રજસ–તમસતાની વાટે એને ન જવા દેતો. ચિત્ત જો મેલું–ઘેલું હશે, સડેલું–ફુટેલું હશે તો બહારની સઘળી શુદ્ધિ–સાધના તને ભારરૂપ બનશે–કોલસાને ધોવા જેવું, કાગડાને સ્નાન કરાવવા જેવું થશે. સારી રીતે પકવ બનેલા લીંમડાના ફળ, બીજની કટુતાના કારણે ફેંકાઇ જાય છે, તે તું યાદ રાખજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્મચક્ષુ, જ્ઞાનચક્ષુ અને દિવ્યચક્ષુ.

( લેખકઃ—"સાહિત્યચંદ્ર," શ્રી બાલચંદ હીરાચંદ, માલેગામ. )

માનવને પાંચ જ્ઞાનેંદ્રિયો છે. તેમાં પણ ચક્ષુરિંદ્રિય અત્યંત પ્રબલ અને કાર્યક્ષમ હોય તો જ માનવજીવન સમાધાન અનુભવે છે. બધી ઇંદ્રિયો કામ કરતી હોય પણ જોવા માટે આંખ જ ન હોય તો આખું જીવન પરાધીન બની જાય છે. મતલબ કે આંખનું મહત્વ અત્યંત મોટું છે. આંખ વગર દરેક હીલચાલમાં પારકાની મદદની જરૂર પડવાની. આપણે જે બાહ્ય વસ્તુઓનું જ્ઞાન થાય છે તે બધું આપણી આંખથી જ થવાનું હોય છે. એ આંખનું જ્ઞાન પણ ઘણી વખત અધૂરું અને ભ્રામક નિવડે છે. એ ચર્મચક્ષુ કહો કે જડ એવા ચામડાથી બનેલી આંખ કહો આપણને ભૂલાવામાં પણ નાખી દે છે, કોઇ ચળકતી વસ્તુ આપણે છેટેથી જોઇ રૂપું માની લઇએ, પણ આખરે તે છીપ પુરવાર થાય છે. ઝાડનું ઠુંઠુ હોય તેને માણસ કલ્પી લેવાય છે. છાયાને ભૂત માની લેવાય છે. કારીગર સ્થલને જલરૂપ આપી જલને સ્થલરૂપ આપી દે છે. દુર્યોધન મયસભામાં પ્રવેશે છે અને આવા આભાસો થવાને લીધે મુંઝાય છે અને વિસ્મય કે ભૂલાવામાં પડે છે, એવો મહાભારતમાં નિર્દેશ છે. એટલે આંખો ઉઘાડી હોવા છતાં પણ આપણે તેના ઉપર અવલંબી રહી શકતા નથી. પહાડની ટોંચ ઉપર આપણે ઊભા હોઇએ અને તેની આસપાસ રેલવેની સડક પથરાએલી હોય ત્યાંથી આપણે વળાંક લીધેલી સડક જોઈ શકીએ. એક જ પાટા ઉપરથી સામસામી ટ્રેનો દોડતી આવતી હોય ત્યારે અમુક જગ્યા ઉપર બન્ને ટ્રેનો અથડાઇ અકસ્માત થશે એવું આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ. તે જ વેળાએ બન્ને ટ્રેનોના મુસાફરો સુખમાં નિદ્રા અનુભવતા હોય અને ડ્રાયવરો સામી દૃષ્ટિ રાખી ટ્રેન દોડાવે જ જતા હોય. ચર્મચક્ષુ કહો કે આંખ ઉઘાડી છતાં ટ્રેનોને અકસ્માત નડ્યા વગર રહી ન શકે. એટલા ઉપરથી સિદ્ધ થાય છે કે-એકલી ચર્મચક્ષુથી પૂરું જોઇ શકાય નહીં. તે માટે બીજી પણ કોઇ ચક્ષુ હોવી અનિવાર્ય છે. એ ચક્ષુ કેવી હોઇ શકે તેનો આપણે હવે વિચાર કરીએ.

એક સભા મારફતે વક્તૃત્વ કળાની હરીફાઇ ગોઠવવામાં આવી હતી. શરત એ હતી કે, વક્તા બોલવા માટે વ્યાસપીઠ ઉપર આવે કે તરત જ તેના હાથમાં એક કવર આપવામાં આવે ને તેમાં જે વિષય ઉપર વક્તૃત્વ કરવાનું હોય તે વિષય જણાવેલો હોય. વક્તાને વારાફરતી બોલાવવામાં આવે. સંકેત મુજબ પહેલો વક્તા આવી ઊભો રહ્યો. તેના હાથમાં કવર મૂકવામાં આવ્યું. વક્તાએ કવર ઉઘાડયું. તેમાં એક કાગળ નિકળ્યો પણ તેની ઉપર એક અક્ષર પણ લખેલ નહોતો. વક્તા એકદમ ગભરાયો અને છેવટ ઉશ્કેરાઇ જઇ તેણે બોલવા માંડયું. તેણે કહ્યું કે-વક્તાની ફજેતી કરવા માટે જ આ યોજના હોવી જોઇએ. એમ કહી એ કાર્યવાહકો ઉપર જ ખૂબ ત્રાટકી પડયો અને વ્યવસ્થાપકોને ખૂબ જ દોષ આપવા માંડ્યો. ખૂબ વરાળ એણે શ્રોતાઓ ઉપર ઠાલવી અને છેવટ ખૂબ ગુસ્સામાં એ ઉતરી પડ્યો. ત્યાર પછી બીજા વક્તાનો વારો આવ્યો. એના હાથમાં પણ એક પરબીડીયું આપવામાં આવ્યું, તેમાં પણ કોરો કાગળ જ નિકળ્યો. વક્તાએ કલ્પના કરી લીધી કે જ્યારે કોરો કાગળ જ વિષયની જગ્યા ઉપર મૂકવામાં આવ્યો છે ત્યારે કાગળના વિષય ઉપર જ બોલવાનું આપણને જણાવવામાં આવેલું હોવું જોઇએ. એણે તો કાગળ બનાવવાની કળાની પહેલા ઇષ્ટિકાલેખન, ભૂર્જપત્રલેખન, તાલપત્રલેખન વિગેરે કલાઓનો ઇતિહાસ કહી કાગળ શી રીતે બનાવાય છે? તેમાં હાથે બનતા કાગળો, યાંત્રિક



For Private And Personal Use Only